અનાથ કિર્તન.

સંપાદક અને પ્રકાશક,

પટેલ ભીખાભાઈ લક્ષ્મીદાસ—નડીઆદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

મુલ્ય એક આનો.

નડીઆદ—અમદાવાદી બજારમાં શ્રી "લક્ષ્મી વિજય" પ્રીં૦ પ્રેસમાં

—બારોટ ડાહ્યાભાઇ બહેચરભાઇએ છાપ્યું—

-દાન આપવાનું સુપાત્ર સ્થાન-

હિન્દુ અનાથાશ્રમ.

-નડીઆદ-

અર્પણ પત્રિકા.

નમામી દેવી નટપુરેશ્વરી,
શારદા, સાક્ષરા, સુભદા, સુખકરા, દેવી સરસ્વતી—
નમામી દેવી૦

મોહેરી તું માત મણીની, સ્નેહ રસ ભીંજેલી,
મધુર બાલની મસ્ત લહેરે, રસબસ એ મદઘેલી-
દેવી મધુરેશ્વરી૦

તુજ ભવ્ય લલાટે દિવ્ય ચંદ્ર મા સરસ્વતીનો ચમકે,
રસ કાદમ્બરી કટી મેખળે, ટપક ટપક ટપકે, હે રસેશ્વરી—
દેવી નટપુરેશ્વરી૦

તુજ મૃદુ કંઠે મા, કુસુમાવલી સુમન ગુચ્છ લહેકે,
મુખ ગુલાબની મીઠી સૌરભ, મધુર મધુર મે'કે;
કુસુમેશ્વરી—દેવી૦

તુજ ચન્દ્ર કાન્તિમાં ચિત્રકારની લલિત કૃતિ ચમકે,
ચતુર ચંદને રસીક નંદનાં ઝાંઝર માને ઝમકે;
મણુયેશ્વરી—દેવી૦

તુજ રસીક નયનમાં પ્રાણસુતની પ્રેમભક્તિ ખળકે,
તુજ વિમલ હૃદયમાં ભોગી હરીની ભવ્ય ભાવના ભભકે;
નતિ સુંદરી–દેવી૦

તુજ વદન કમળપર સત્ય પ્રિયતા શ્રીહરિ કેરી ચળકે,
તુજ વિશુદ્ધ હૃદયે સ્વદેશ જનતા ઝવેર ઝળહળ ઝળકે;
હૃદયેશ્વરી–દેવી૦

તુજ પુનિત પાદથી વિશ્વ પ્રેમનાં રૂમઝુમ ઝરણાં ઝરતાં,
માધવ મન સુખકર શાન્તિ કુંજે રવ મૃદુ મંજુલ કરતાં;
સંગીતેશ્વરી–દેવી૦

તુજ વિપુલ બાહુમાં ક્ષત્રિવીરનું રક્ત પ્રતાપી ફરકે.
શ્રીગોકુળ વલ્લભ પ્રફુલ્લચંદ્રને બટુક ભૈરવ ગરજે;
કર્તવ્યસુંદરી–દેવી૦

તુજ કર્તવ્ય પંથે મા કર્મવીરોનાં ઘોર ગીતડાં ધમકે.
અનાથ આશ્રમ અવિચળ કીર્તિ ભારત મંડળ ઝળકે,
ભારતેશ્વરી–દેવી૦

અનાથ કિર્તન.

(૧)

અનાથ નાથનો સાથ મળ્યો આજે અહીં,
નમન સ્વીકારો નાથ અમારા ઉરનાં;
રંક બાળ અમ પાસે કોડી ના મળે,
પુષ્પમાળ ધરવા તમ ચારૂ કંઠમાં—અનાથ૦
આજે ઉછળી આ ઉરરસ છલકાય છે,
અંતર પીગળી આંસુડાં ઉભરાય છે;
એ આંસુની માળા ધારો નાથ ઓ,
અનાથ ઉરના સ્વાગત્ આ સ્વીકારજો—અનાથ૦
આભારે અમ અંતર ટપકે આજ જો,
એ ઉરરસથી ચરણુ પખાળું નાથ ઓ;
મોંઘા મોંઘા પાથરૂં મારા પ્રાણુ જો,
અનાથ ઉરના સ્વાગત આ સ્વીકારજો.

(૨)

તે નરવરને ધન્ય છે, જે પરોપકારે જીવે-બાઇ જે૦
દીન અનાથની રક્ષા કાજે, ગ્રહે શસ્ત્ર વિધાનું હાથે;
વીર હાક સમરાંગણુ વાજે, પાળ પડતાં જનની લાજે.
તે નરવરને ધન્ય છે જે૦

બુદ્ધિ બાણુ ટંકાર કરીને, ધણુણુણુ ઘોશ ગજાવે;
વિજય ધ્વજા ફરકાવી વિશ્વે, ધમધમ ધરા ધ્રુજાવે.
તે નરવરને ધન્ય છે જે૦

તે નર ખરને ધિક્કાર છે, જે પોતા માટે જીવે—ભાઇ જે૦
ગ્રહી શસ્ત્ર વિધાનું હાથે, દીન દુઃખીનાં મસ્તક કાપે;
ધરતી માતા ધ્રૂજે તાપે, ઘોર ઘોર અંધારૂં વ્યાપે.
તે નર-ખરને ધિક્કાર છે જે૦

પોતા માટે જીવે સઘળા, વીરલા પરના કાજે;
એકલ પેટા સૌથી છેટા, વીરના ડંકા વાજે.
તે નરવરને ધન્ય છે. જે૦

(૩)

દુઃખીનાં આંસુ અમારે તો અમૃત છે,
એ અમૃતના દિવ્ય ઝરણુમાં (૨)
મને તો પ્રભુનાં દર્શન છે, પિતાનાં દર્શન છે, વા'લાનાં દર્શન છે.
દુઃખીનાં આંસુ અમારે તો૦

દુઃખીની ઝાળો અમારે રક્ષપાળો છે,
એ રક્ષને ખલકે, પલકે પલકે (૨)
ખીલી રહો મારો વા'લો છે, વા'લો છે, વા'લો છે.
દુઃખીની ઝાળો અમારે૦

(૪)

ગરીબની ઝુંપડીમાં પ્રભુ વસતો,
ગરીબની ઝુંપડીમાં પ્રભુ હસતો;
નિરદોષ નિખાલસ ગરીબ હૃદયની ભાવપૂર્ણ આજીજી જે-
મીઠી મીઠી લાગે પ્રભુને (૨)
જેમ વિદુરની ભાજી,
ગરીબના અંતરમાં પ્રભુ રમતો;
ભરી દિવ્ય પ્રકાશ વિલસતો—ગરીબની ઝુંપડીમાં૦

---

(૫)

ચહો જો પ્રભુ સેવાનો પાર, કરો તો ગરીબનો ઉદ્ધાર.
ગરીબનાં ઘર ઘર ફરી, ધીરજ શાન્તિ આપ,
ભોંધાં બાળક તેમનાં, છાતી સરસાં દાબ;
અશ્રુ લુછી સ્નેહથી, વ્હાલ થકી પંપાળ,
તિમિર વિદારી વ્હેમનાં, જ્ઞાન દિપ પ્રગટાવ;
ગરીબડાં ખરે પ્રભુનાં બાળ, તુંબડાં તરવા ભવ સંસાર-ચહોજો૦

---

(૬)

વિજય વિજય કરજો, પ્રભુ વિજય વિજય કરજો.
પર દુઃખ ભંજન, દિન મન રંજન,
અરિ મુખ ખંજન નરવરનો—પ્રભુ૦
પરના દુઃખે દુઃખીયા થઇ, જે કર્મક્ષેત્રે ઘુમતા;
ધર્મની વેદીપરે નિજ જાત વ્હાલી હોમતા.—વિજય૦
નિજ દેશબંધુ દુઃખથી, જેનું હૃદય ના ઉછળ્યું,
દિન દુઃખીનાં દુઃખ શ્રવણથી, જેનું રૂધીર ના ઉકળ્યું;
તે નર નહિ પણ ખર બધા, આ ભૂમિ ભારે ભારતા,
ધિક્કાર તે નર અધમને, જે સ્વાર્થ કાજે જીવતા.—વિજય૦

---

(૭)

અમે તો અનાથ નિરાધાર, હિન્દુઓ કરો અમારી વ્હાર;
અમે મા બાપ વગરનાં બાળ, અમારો એક પ્રભુ રખવાળ;
મળે નવ રહેવા ઘર કે બાર, રઝળતાં રંક બની લાચાર—અમે૦
છપ્પન કેરી સાલમાં પડયો ભયંકર કાળ,
સુકવી વાડી હિન્દની વર્ત્યો હાહાકાર;
ભુખના દુઃખના ત્રાસથી કંઇક બન્યાં લાચાર,
વેચ્યો વ્હાલો ધર્મ ને વેચ્યાં વ્હાલાં બાળ.
અમારા એવા બુરા હાલ, અરે ઓ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ;
અહિંસા પરમ ધર્મ વદનાર, બચાવો દિન ભારતનાં બાળ.
અમે તો અનાથ૦

---

(૮)

અમોને કોણ કહે છે અનાથ, અમે તો ખરેખરાજ સનાથ;
અમારે મરતાં એકજ બાપ, મળ્યાં આ ત્રીસ કોટી માબાપ.
અમ કાજે અંતર થકી, લાવી અદકું વ્હાલ,
અનાથઆશ્રમ સ્થાપીને, સદા લીએ સંભાળ;
નિજ બાળક સમ પાળીને, લડવે મોંઘાં લાડ,
સિંચે વિદ્યા વારિથી, અનાથ કુમળાં બાળ.
હિન્દના સાઠ કોટી જે હાથ, કરે અમ રક્ષા પ્રીતિ સાથ; -અમોને

---

(૯)

ક્યાં જઇ દુઃખને કહેવું નાથ—ક્યાં જઇ૦
માથે પડ્યું તે સહેવું નાથ ક્યાં જઇ૦
માત પિતા નવ ભ્રાત કે ભગિની,
છાના છાના રોવું નાથ ક્યાં જઇ૦
સગાં સહોદર નવ કોઇ સાથી,
અંતર ક્યાં ઠાલવવું નાથ ક્યાં જઇ૦
ઉપર આભ ને નીચે ધરતી,
ઘર વિણ કહો ક્યાં રહેવું નાથ ક્યાં જઇ૦
રંક અનાથની વ્હારે આવી,
અનાથ આશ્રમ સ્થાપ્યું નાથ ક્યાં જઇ૦

---

(૧૦)

દેખી કરૂણુ આ ચિત્ર, મારૂં હ્રદય પીગળી જાય છે,
ગમગીન થઇ કુદરત બધી, આ શોક માંહિ છવાય છે;
આ તારલા આકાશના, દુઃખીના દુઃખે ડુબી રહ્યા,
આ ચંદ્રમા નિજ કરવતી, અશ્રુ દુઃખીનાં લુછતા.
આ ઘોર કાળી યામિની, વધુ ઘોર થઈ દુઃખથી અરે,
અશ્રુ રેડી તારલાનાં, જગ દુઃખ કાજે જો રડે;
ખોળે લઈ નિજ બાળને, ધરતા બધી ધ્રુજી રહી,
દુષ્કાળનાં દુઃખ જોઇને, કુદરત બધી કંપી રહી.
સરવર નદી તરૂ પહાડ સહુ, રડતાં જગતના દુઃખથી,
પણ હિન્દના શ્રીમાન સહુ, ઘોરે નિરાંતે ઉંઘથી;
ઓ હિન્દના શ્રીમાન, આંખો ખોલીને જુવો હવે,
તવ દ્રષ્ટિ આગળ બાળ મોંઘાં ભરતનાં આ ટળવળે.
નિજ બન્ધુનાં દુઃખ જોઇને કપારી કેમ ના છુટતી;
આ વજ્ર સમ છાતી તમારી, કેમ ના ફાટી જતી.

---

(૧૧)

કિરતારના દરબારમાં, નવ કોઇ એમજ પુછશે,
કે બંગલાઓ કેટલા, મોટોર ગાડી કેટલી;
પણ કેટલા દુઃખી જનોને, દુઃખથી ઉગારીયા,

કેટલા ભુખ્યા જનોને, ભૂખથી છે ઠારીયા.
નવ પુછશે કે હાર હીરા, મોતી માળા કેટલી,
નવ પુછશે કે બેંકમાં, થાપણુ જમે છે કેટલી;
પણ પુછશે કે કેટલાં, કામો ભલાઇનાં કર્યાં,
કુવા ખોદાવ્યા કેટલા, મંડાવી પરબો કેટલી.
રંક બાળક કેટલાં, આશ્રય દઇને પાળીયાં;
તવ દ્રવ્યથી નિશાળ ઔષધશાળા ક્યાં ક્યાં કાઢીયાં.

---

(૧૨)

તમારા દાનનાં ઝરણાં, વહે છે માર્ગ અવળે તે;
કમી કરવા બદલ બીજાં, નવાં દુઃખો ઉમેરે છે.
તમારા દાનથી અલમસ્ત, લઠિંગા સાધુ પોષાયે;
થઇ આળસ તણી વૃદ્ધિ, દરિદ્રી દેશ આ થાયે.
હવે તે દાનનાં ઝરણાં, અનુકૂળ ક્ષેત્રમાં વાળો;
જમાનો જેમ બદલાયો, સુધારો દાનનો ધારો.
સડેલા રોગીઓ માટે, દવાખાનાં ઉઘાડોને;
નિરાશ્રિત વિધવા માટે, વનિત વિશ્રામ સ્થાપોને.
અશકતો ને અપંગો કાજ, અશકતાશ્રમ કાઢોને;
રઝળતાં બાળકો માટે, અનાથાશ્રમ ઉઘાડોને.

---

(૧૩)

વિદ્યાનો સાગર ઉછળે,
આ વિશ્વ માતને ખોળે;
જગ રસબસ કરી તરબોળે,
મોંઘાં મોતીની છોળે.

તુજ દિવ્ય મંજુલ ગાનની અહુ બંસરી લલકારજે,
અમ દેશબન્ધુ ઉરમાં રસ ચેતના ચમકાવજે. વિદ્યાનો૦
તુજ શિતળ સુખકર લ્હેરથી દીન દુખીયાંને ઠારજે,
છાતી સરીખાં ચાંપીને દીન કુસુમને વિકસાવજે. વિ૦
તુજ ઘોર ક્ષુધવાટે સખા, ક્ષુબ્ધ કરીને ક્ષુધવજે,
મોજાં પ્રચંડ ઉછાળીને, આ દેશને તું ગજાવજે. વિ૦

---

(૧૪)

અનાથો દિન અપંગોના, પ્રભુ અવતાર કંઇ ધરતા;
કસોટી માનવી કેરી, પરીક્ષા લઇ પિતા કરતા.
પ્રભુની તે પરીક્ષામાં, થવાને પાસ ઊંચે નંબર;
જગત્ જન સેવના કેરી, લગાવો ધુન અમે હરહર.
અનાથો દેવ છે મારા, પુજારી હું પુરો તેનો;
હૃદયઅશ્રુ તણાં પુષ્પો, સદાનું સ્નેહથી ભીનાં.
ઉતારું આરતી ઉરના, અમોઘા ભાવ પ્રગટાવી;

પ્રણય ધૃત પ્રેમથી પુરૂં, -હૃદયની જ્યોત સળગાવી.
સળગતાં કુમળું હૈયું, અજબ કંઇ તેજની ભરતી;
છવાતી વિશ્વમાં આખા, તીમિર જન દુઃખનાં હરતી.
ભલે સળગો શરીર સઘળું, જીગર બત્તી પુરી થાતાં;
બળીને ખાખ થઇ જાવો, દુખીની સેવના કરતાં.
બીજાને કાજ બળવામાં, બીજાને કાજ મરવામાં;
દિનોનાં દુઃખ દળવામાં, મઝા મીઠી મને લાગે.

---

(૧૫)

ઉછળતા આ ભવાબ્ધીને, તરીને પાર જાવામાં;
અનાથો નાવડાં મારાં, મુસાફર થઇ ફરૂં તેમાં.
પ્રભુજી ત્યાં બની કપ્તાન, અમારાં નાવ હંકારે;
ખરાબા ખલ્કના તોડી, ઉતારે સ્વર્ગ કિનારે.
અમોલી સ્વર્ગ સૃષ્ટિના, અનેરા વાયુ ત્યાં વાયે;
દયા પ્રીતિ મૃદુતાનાં, અલૌકિક ગાન ત્યાં થાયે.
ઉંડાં તે ગાનનાં અમ્રત, અમારા ઉરને ધોતાં;
અમોને સ્વર્ગની લીલા, મહીં તન્મય કરી દેતાં.

---

(૧૬)

બચાવે લાખ બાવનને, અજબ એ આર્યની મુષ્ટી;
છતાં નાની ગજબ કરતી, અલૌકિક આર્યની મુષ્ટી.
જીવાડે કંઇ જતી જોગી, વિરાગી સાધુ સન્યાસી;

જીવાડે છે જગત્ ગુરૂને, અબળ પણ આર્યની મુષ્ટી.
હજારો ધર્મ આચાર્યો, મહંતો ને મઠાધિશો;
બધાને પાળતી પ્રેમે, મધુરી આર્યની મુષ્ટી.
વિકટ ગીરિ ગુફા વસતા, સમાધિ યોગીઓ સજતા;
જઇ ત્યાં પ્રેમથી રમતી, મધુરી આર્યની મુષ્ટી.
દયાની જીવતી મૂર્તિ, સદા મુખે સુધા ઝરતી;
સતત્ જન સેવના કરતી, અમારી આર્યની મુષ્ટી.
અનાથો દીન અપગોનાં, ક્ષુધા પીડિત ઉદર ભરતી;
અમારી પુણ્ય ભૂમિની, અમર રહો આર્યની મુષ્ટી.

---

(૧૭)

ધીરે ધીરે (૨) ખીસ્સામાં કર ઘાલો—ધીરે૦
આ અનાથને કંઇ આલો ધીરે૦
પૈસો ડારો, રૂપીયો ડારો
ડારો ડારો કોઇ ગીની ડારો (૨) ધીરે ધીરે૦
પાઘડી નાખો, કોટ ને નાખો
નાખો નાખો મોંઘેરી મુદ્રા નાખો (૨) ધીરે ધીરે૦
રક્ષણ આપો, પ્રીતિ આપો,
આપો આપો હૃદય તમ આપો; (૨) ધીરે ધીરે૦
ચુંબન આપો, વ્હાલથી દાબો,
દાબો દાબો છાતીથી દાબો (૨) ધીરે ધીરે૦

---

(૧૮)

તમે આવજો, વીર આવજો,
આ અનાથઆશ્રમ ફરી કદી સુહાવજો—વીર૦
તમ કુમકુમ વરણા પાદ ફરી અહીં ધારજો,
શરણાંગત આ બાળ તમારે તેને ફરી સભારજો;
તમે આવજો વીર૦
તમ આર્ય રહયનાં ઉજ્વળ કીર્ણો અવનીમાં ફેલાવજો,
તિમીર ગાઢ હરી ભારત માતનું વિજય ભાનુ ઝળકાવજો.
તમે આવજો વીર૦
કરમાયેલાં દીન કુસુમડાં તેને ખુબ વીકસાવજો;
શીઘ્ર પહોંચીને સ્થાન પરે સંદેશા સુખના કહાવજો,
તમે આવજો વીર૦

અનાથોનું રક્ષણ કરો.